નર્મદા જીલ્લાના મે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી કોર્ટમાં, મુ: રાજપીપળા

ફોજદારી કેસ નંબર:-૩૨૭/૨૦૨૪

આંક:-

**ફરીયાદી** :- શ્રી સરકાર

વિરુધ્ધ.

**આરોપી** : - મનીષકુમાર રામઅવધ ગૌતમ

રહે :- રહે.રાજા બજાર રોડ પ્રાથમિક વિધ્યાલય બાહરપુર ખુર્દ પોસ્ટ ગદોપુર તા.બદલાપુર જી.જૌનપુર (ઉત્તરપ્રદેશ)

---

**:: ઠરાવ ::**

(૧) આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આરોપીએ બનાવના દિવસે પોતાના કબ્જાવાળુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા મળી આવી ઈ.પી.કો.કલમ-૨૭૯,૩૩૭ તથા એમ.વી.એકટ કલમ-૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ નોંધતા,આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે. અને કબુલાત પુરસીસ અલગ આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય,ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાતરી આપતા હોય, આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય આરોપીને હળવી સજા કરવી જોઈએ તેમ માનુ છે. આરોપી સામેના આક્ષેપીત ગુનાનો પ્રકાર,તેમા સજાનુ પ્રમાણ,આરોપીની રજુઆત, તેની

પરીસ્થિત ધ્યાનમાં લેતાં, અને નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.પાન નં.૭૦૯ નટવર હીરાચંદ ઠાકોરના કેસમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમા લેતા, આરોપીને હળવી સજા કરવાનુ વ્યાજબી અને ન્યાયી જણાતુ હોઈ,ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**-:હુકમ:-**

આ કામના આરોપી મનીષકુમાર રામઅવધ ગૌતમને ક્રિ.પ્રો.કોડ કલમ-૨૫૨ અન્વયે તેની સામેના ઈ.પી.કો.કલમ-૨૭૯,૩૩૭ તથા એમ.વી.એકટ કલમ-૧૭૭,૧૮૪,૧૩૪ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદર કલમો ના ગુના સબબ કુલ રૂ.૧૮૦૦/- (અંકે રૂપીયા એક હજાર આઠસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામા આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તા. ૦૭ મી માહે માર્ચ સને વર્ષ ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

તા.૦૭/૦૩/૨૦૨૬

સ્થળ: રાજપીપળા

(વિનોદકુમાર દિનુભાઈ પટેલ)
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
રાજપીપલા જી. નર્મદા
જજ કોડ જીજે ૦૧૧૪૮